હથિયાર લાયસન્સમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોનો કે સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધારવાની દરખાસ્તોમાં વ્યવસાય અને સ્થળ સહિતના આધાર પુરાવા રજુ કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃહદપ/૧૦૦૮/૩૮૪૬/મ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :૧૪/૫/૨૦૦૯

**સંદર્ભ :** (૧) આ વિભાગનો તા.૧/૫/૯૨ નો પરિપત્ર ક્રમાંકઃહદપ/૧૦૯૧/૭૨૫૮/મ
(૨) આ વિભાગનો તા.૨૯/૪/૦૪ નો પરિપ ક્રમાંકઃહદપ/૧૦૯૪/૧૦૭૭/મ

**પરિપત્ર**

હથિયાર લાયસન્સમાં સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધારવા કે એક કરતાં વધુ રાજ્યોનો હદ વિસ્તાર વધારવા બાબતે સંદર્ભમાં દર્શાવેલ તા.૧/૫/૯૨ ના તથા તા.૨૯/૪/૯૪ના પરિપત્રોમાં સર્વે લાયસન્સીગ અધિકારીઓને સંપુર્ણ વિગતો સાથેની દરખાસ્ત કરવાની સુચના આપવામાં આવેલ છે. તે પરિપત્ર સાથે જોડેલ ચેકલીસ્ટ મુજબની સંપુર્ણ માહીતી સહિત દરખાસ્ત કરવાની હોય છે. પરંતુ આ બાબતમાં સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, સંદર્ભમાં દર્શાવેલ પરિપત્રો મુજબ સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવામાં લાયસન્સીગ અધિકારીઓ તરફથી પુરેપુરી કાળજી લેવાતી નથી. તેના કારણે આવી દરખાસ્તોમાં આખરી નિર્ણય લેવામાં બિન જરુરી વિલંબ થાય છે.

હદ વિસ્તાર વધારવા અરજદારને કયા કયા પુરાવા આપવાના છે તે અંગે સરળતા રહે તે માટે હદ વિસ્તાર વધારવા અંગેનું અરજી ફોર્મ તાત્કાલિક સંદર્ભ સારુ આ સાથે સામેલ છે. જેથી હવે પછી હદ વિસ્તાર વધારવાની અરજી તેમને મળે અરજદારને આ સાથે નિયત ફોર્મમાં અરજી કરવા જણાવવું. ત્યાર બાદ દરેક લાયસન્સીગ અધિકારીઓએ પરવાનેદારની અરજી મળ્યેથી તેની પુરતી ચકાસણી બાદ તુર્તજ **આ સાથે આપેલ અદ્યતન કરેલ ચેકલીસ્ટ**ના કોલમોમાં જણાવ્યા મુજબની સંપૂર્ણ વિગતો અરજદારે અરજી સાથે રજુ કરી ન હોય તો પરવાનેદાર પાસેથી સત્વરે મંગાવી લેવી, અને જો તેઓ વિગતો રજુ ન કરી શકે તો વિગતો મંગાવવા છતાં તેઓ રજુ કરતા નથી તેમ ચેકલીસ્ટમાં સંબંધીત કોલમ સામે સ્પષ્ટ દર્શાવવું.

પુરતી વિગતો મળ્યા બાદ તે વિગતો ધ્યાને લઈને હદ વિસ્તાર વધારવા લાયસંસીગ અધિકારીએ ચેકલીસ્ટમાં ભરેલ વિગતોની પુરતી ચકાસણી બાદ સ્પષ્ટ અભિપ્રાય આપવો. કેટલાંક કિસ્સામાં અરજી કર્યા તારીખથી દરખાસ્તો ખુબજ મોડી અને અધુરી વિગતોવાળી મળે છે. તેથી અરજી મળ્યા તારીખથી મોડામાં મોડી બે મહીનામાં અને પુરી વિગતો સાથેની દરખાસ્ત સરકારશ્રીને અચુક મોકલી આપવી, અને તે સમય મર્યાદા જો જાળવી ન શકાય તો તે અંગે થયેલ વિલંબ અંગેના સ્પષ્ટ અને વાજબી કારણો સહિતની દરખાસ્ત અચૂક મોકલવી.

અગાઉ સંદર્ભ(૨) આગળનાં પરિપત્ર મુજબનું ચેકલીસ્ટ બહાર પાડયા પછી કેટલીક વિગતો મેળવવી આવશ્યક હોવાથી નવું ચેકલીસ્ટ બનાવવાની જરુરીયાત ઉપસ્થિત થયેલ છે આથી હવે પછી આ પરિપત્ર સાથે સામેલ નવા ચેકલીસ્ટ મુજબની સંપુર્ણ માહીતી સહિતની દરખાસ્ત મોકલવા સુચના આપવામાં આવે છે. અધુરી માહીતીવાળી દરખાસ્ત મળશે તો તે પરત કરવામાં આવશે તેની નોંધ લેવા વિનંતી છે.

કેટલાંક કિસ્સામાં એવું ધ્યાને આવેલ છે કે પરવાનેદારો ગુજરાત રાજ્ય બહાર રહેતાં હોવા છતાં હદ વિસ્તાર વધારવાની દરખાસ્ત કરવામાં આવે છે. જે પરવાનેદાર ગુજરાત રાજ્યમાં રહેતા ન હોય તો પરવાનાની શરત નં.૧૨ અને આર્મ્સ રુલ્સનાં નિયમ-૬૨ મુજબ પરવાનેદાર જ્યાં રહેતા હોય ત્યાંનાં લાયસન્સીગ અધિકારી પાસે પરવાનો ટેકન ઓવર કરાવવાનો રહે છે. તેથી આવા પરવાનેદારો ગુજરાતમાં રહે છે કે નહી તેની ખાતરી અચૂક કરાવી લેવી, વધુમાં ચેકલીસ્ટનાં કોલમ ૧.(ક)(૧)મુજબનાં પુરાવા ધ્યાને લેતાં પરવાનેદાર ગુજરાત બહાર રહેતા હોવાનું માલુમ પડે તો દરખાસ્ત કરતી વખતે પરવાનેદાર ગુજરાતમાં રહેતા નથી તેમ સ્પષ્ટ જણાવવું.

ભારત સરકારના તા.૪/૭/૮૯ પત્ર ક્રમાંકઃ V-11026/8/89-Armns તથા તા.૧૧/૧૦/૯૫ના પત્ર ક્રમાંકઃ V-11026/106/94-Armns મુજબ પરવાનાનો હદ વિસ્તાર ગુજરાત ઉપરાંત વધારવાનો હોય તેનો નિર્ણય લેવાની સત્તા રાજ્ય સરકાર હસ્તક છે. ભારત સરકારના ઉકત પત્રો મુજબ તા.૪/૭/૧૯૮૯ પહેલાં જિ.મે.શ્રીએ કે પોલીસ કમિશ્નરશ્રીએ ગુજરાત ઉપરાંત રાજ્ય/રાજ્યોનો કે સમગ્ર ભારતનો હદ વિસ્તાર વધારેલ હોય તો તેને જે તે વખતે લાયસન્સ રીન્યુ થવા આવેલ તે વખતે જે તે કિસ્સામાં હદ વિસ્તાર અમુક જિલ્લા કે ગુજરાત રાજ્ય પુરતો સિમિત કરવો જોઈતો હતો પરંતુ ઘણા કિસ્સાઓમાં હદ વિસ્તાર વધારવાની દરખાસ્ત આવે છે ત્યારે આવા કિસ્સાઓ ધ્યાને આવે છે, જે ઘણીજ ગંભીર બાબત છે તેથી તા.૪/૭/૮૯ પહેલા જિલ્લા કક્ષાએથી પરવાનાનો હદ વિસ્તાર વધારેલ હોય તેવા પરવાનાની રાજ્ય બહારની વેલીડીટી ગેરકાયદેસર ગણાય. તેથી આવા કિસ્સાની સમીક્ષા કરી રાજ્ય પુરતો કે જિલ્લાઓ પુરતો હદ વિસ્તાર સિમિત કરીને જ આ પ્રકારની દરખાસ્તો પુનઃ મોકલી આપવા વિનંતી છે.

ઉપરની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કિશોર મોઢા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રી,
મદદનીશ સિલેકટ ફાઈલ.શાખા સિલેકટ ફાઈલ.

## માત્ર સરકારી કચેરીના ઉપયોગ માટે
## હથિયાર પરવાનાનો હદ વિસ્તાર સમગ્ર ભારત કે ગુજરાત ઉપરાંત અન્ય રાજયો માટે વધારવાની દરખાસ્ત માટેનું ચેકલીસ્ટ

| | | | |
|---|---|---|---|
| ૧ | **પરવાનેદારની વિગત :** | | |
| | (ક) | પરવાનેદારનું નામ અને સરનામું | |
| | (i) | અરજદારનાં રહેઠાણનાં પુરાવા જેવા કે રેશનીંગ કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસંસ, વીજળી બીલ, વાહનનાં રજિસ્ટ્રેશન બુક નકલ, ટેલીફોન બીલની નકલ. | |
| | (ii) | પરવાનેદાર કયાંના વતની છે. વતનનું પુરું સરનામું | |
| | (ખ) | પરવનેદારની ઉંમર | |
| ૨ | **હથિયાર પરવાનાની વિગત :** (અરજી સાથે અસલ હથિયાર પરવાનો મોકલવો) | | |
| | (ક) | લાયસન્સ નંબર | |
| | (ખ) | લાયસન્સ મંજૂર કર્યાનો હેતુ (પાક રક્ષણ–સ્વરક્ષણ/સ્વરક્ષણ/સ્પોર્ટસ/અન્ય) | |
| | (ગ) | લાયસન્સ કાઢી આપ્યાની મૂળ તારીખ | |
| | (ઘ) | લાયસન્સ કાઢી આપનાર સત્તાધિકારી | |
| | (ચ) | હથિયાર ખરીદ કર્યા તારીખ<br>હથિયારનું વર્ણન :<br>૧) હથિયાર કઈ કંપનીનું છે<br>૨) હથિયારનો બોડી નંબર<br>(ભારત સરકારનાં ગૃહ મંત્રાલયના તા.૪/૭/૧૯૮૯ના પત્રની માર્ગદર્શક સૂચના અનુસાર પરવાનેદારે પરવાના મુજબનું હથિયાર ખરીદેલ હોય તો જ હદ વિસ્તાર વધારવા દરખાસ્ત મોકલવી) | |
| | (છ) | હથિયારનો પ્રકાર (પ્રોહીબીટેડ/નોનપ્રોહીબીટેડ/નોનસર્વિસ પેટર્ન [આર્મીનાં કર્મચારીઓ/અધિકારીઓ માટે) | |
| | (જ) | લાયસન્સ કઈ તારીખ સુધી રીન્યુ કરી આપેલ છે (હદ વિસ્તાર વધારવાની અરજીની તારીખે લાયસન્સ રીન્યુ કરવાની મુદત ૬૦ દિવસથી ઓછી હોય તો લાયસન્સ રીન્યુ કરીને દરખાસ્ત મોકલી આપવી) | |
| ૩ | **હદ વિસ્તાર**<br>લાયસન્સ કયા હદ વિસ્તાર પૂરતું મંજૂર કરેલ છે. | | |
| ૪ | **લાઈસન્સ પરપ્રાંતમાંથી મંજૂર થયેલ હોય તો તેને ટેકન ઓવર કરેલ હોય તો તેની વિગતો :** | | |
| | (ક) | લાઈસન્સ મંજૂર કર્યાનો હેતુ | |
| | (ખ) | લાઈસન્સ મંજૂર કરનાર સત્તાધિકારી | |

| | | | |
|---|---|---|---|
| | (ગ) | જે વિસ્તાર પૂરતું લાઈસન્સ મંજૂર થયેલ હોય તેની વિગતો. | |
| | (ઘ) | લાઈસન્સ ટેકન ઓવર કરેલ હોય તો તેની તારીખ સહિતની વિગત. | |
| ૫ | **લાઈસન્સ મુજબ પરવાનેદાર એક થી વધુ હથિયાર ધરાવતા હોય તો તેની વિગત :** | | |
| | (ક) | લાઈસન્સ ક્રમાંકઃ | |
| | (ખ) | હેતુઃ (પાક રક્ષણ અને સ્વરક્ષણ/ સ્વરક્ષણ/સ્પોર્ટસ અન્ય) | |
| | (ગ) | હથિયારનું વર્ણન | |
| ૬ | **પરવાનેદારના વ્યવસાય અંગેની વિગતો :** | | |
| | (ક) | વ્યવસાયનું સરનામુ | |
| | (ખ) | વ્યવસાયની વિગતો. (શાનો વ્યવસાય છે) | |
| | (ગ) | વ્યવસાયની શાખાઓ કયાં કયાં છે તેના સરનામા | |
| | (i) | વ્યવસાયે સરકારી/અર્ધ સરકારી નોકરી હોય તો તેનું સરનામું અને સંબંધિત ખાતાના વડાનું પ્રમાણપત્ર/અભિપ્રાય/ભલામણ બીડવી. | |
| | (ii) | ખાનગી વ્યવસાય હોય તો માલિકી/ભાગીદારી અંગેના દસ્તાવેજી પુરાવા રજુ કરવા. | |
| | ~~(ઘ)~~ (ઘ) | આવકવેરો ભરતા હોય તો તેની વિગતો. (PAN) તથા કાર્ડની નકલ છેલ્લા ૩ વર્ષના આવક વેરાના રિટર્ન/ટર્નઓવરના સરવૈયાની નકલ રજૂ કરવી. | |
| | ~~(ઘ)~~ (ચ) | વ્યવસાય/નોકરીના કામ માટે રાજય બહાર પ્રવાસ કરવાની વારંવાર જરૂર પડતી હોય તો તેની વિગત. | |
| | ~~(ચ)~~ (છ) | રાજય બહાર શું જોખમ રહે છે કે જેથી હથિયાર સાથે રાખવું પડે. | |
| | (i) | રાજય બહાર જે સ્થળે પ્રવાસ કરવો પડતો હોય તેની વિગત. | |

**નિ:શુલ્ક (અરજદારનાં ઉપયોગ માટે)**
**હથિયાર પરવાનાનો હદ વિસ્તાર સમગ્ર ભારત કે ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યો માટે વધારવાની દરખાસ્ત માટેનું અરજી ફોર્મ**

| | | | |
|---|---|---|---|
| ૧ | **પરવાનેદારની વિગત :** | | |
| | (ક) | પરવાનેદારનું નામ અને સરનામું | |
| | (i) | અરજદારનાં રહેઠાણનાં પુરાવા જેવા કે રેશનીગ કાર્ડ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીગ લાયસંસ, વીજળી બીલ, વાહનનાં રજિસ્ટ્રેશન બુક નકલ, ટેલીફોન બીલની નકલ. | |
| | (ii) | પરવાનેદાર કયાંના વતની છે. વતનનું પુરું સરનામું (આધાર પુરાવા સાથે) | |
| | (ખ) | પરવનેદારની ઉંમર (આધાર સાથે) | |
| ૨ | **હથિયાર પરવાનાની વિગત :** (અરજી સાથે અસલ હથિયાર પરવાનો મોકલવો) | | |
| | (ક) | લાયસન્સ નંબર અને તારીખ | |
| ૫ | **લાઈસન્સ મુજબ પરવાનેદાર એક થી વધુ હથિયાર ધરાવતા હોય તો તેની વિગત :** | | |
| | (ક) | લાઈસન્સ ક્રમાંક: | |
| | (ખ) | હેતુ: (પાક રક્ષણ અને સ્વરક્ષણ/ સ્વરક્ષણ/સ્પોર્ટસ અન્ય) | |
| | (ગ) | હથિયાર ખરીદ્યા તારીખ<br>હથિયારનું વર્ણન<br>(બોડી નંબર/મેઈક) | |
| ૬ | **પરવાનેદારના વ્યવસાય અંગેની વિગતો :** | | |
| | (ક) | વ્યવસાયનું સરનામુ | |
| | (ખ) | વ્યવસાયની વિગતો. (શાનો વ્યવસાય છે) | |
| | (ગ) | વ્યવસાયની શાખાઓ કયાં કયાં છે તેના સરનામા | |
| | (i) | વ્યવસાયે સરકારી/અર્ધ સરકારી નોકરી હોય તો તેનું સરનામું અને સંબંધિત ખાતાના વડાનું પ્રમાણપત્ર/અભિપ્રાય/ભલામણ બીડવી. | |

| | | | |
|---|---|---|---|
| | (ii) | ખાનગી વ્યવસાય હોય તો માલિકી/ભાગીદારી અંગેના દસ્તાવેજી પુરા વા રજુ કરવા. | કયા પુરાવા રજુ કર્યા છે તેની વિગતો અહી જણાવવી :–<br>૧<br>૨<br>૩<br>૪ |
| | (ગ) (ઈ) | આવકવેરો ભરતા હોય તો તેની વિગતો. (PAN) તથા કાર્ડની નકલ છેલ્લા ૩ વર્ષના આવકવેરાના રિટર્ન/ટર્નઓવરના સરવૈયાની નકલ રજૂ કરવી. | |
| | (ઘ) (ઉ) | વ્યવસાય/નોકરીના કામ માટે રાજય બહાર પ્રવાસ કરવાની વારંવાર કેમ જરૂર પડે છે તેની વિગત. | |
| | (ચ) (ઊ) | રાજય બહાર શું જોખમ રહે છે કે જેથી હથિયાર સાથે રાખવું પડે. | |
| | (i) | રાજય બહાર જે સ્થળે પ્રવાસ કરવો પડતો હોય તેની વિગત. | |
| | (ii) | જે રાજયોમાં જવું પડતું હોય તે સ્થળના/પ્રવાસ/રોકાણની છેલ્લા ૨ (બે) વર્ષની વિગતો રજૂ કરવી. જેમાં : પ્રવાસની ટિકિટો/રોકાણના અધિકૃત પુરાવાઓ રજૂ કરવા. | |
| | (iii) | સક્ષમ લાઈસન્સીગ અધિકારી તરફથી જની પરમીટ આપવામાં આવી હોય તેની છેલ્લા ૨ (બે) વર્ષની વિગતો: (પરમીટ નંબર/તારીખ/જે સ્થળ માટે પરમીટ આપી હોય તેની વિગતો દર્શાવવી) | |
| ૭ | | હદ વિસ્તાર વધારવાનું કારણ અને કયા વિસ્તાર પૂરતો હદ વિસ્તાર વધારવાની માંગણી છે. | |

સ્થળ ..............................

તારીખ .............................. પરવાનેદારની સહી